જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૬**

રખિયાલઃ તરુણભાઈ સ/ઓ લક્ષમણભાઈ નાગર (રહે.ભાગ્યોદય સોસાયટી સુખરામનગર રાજપુર ગોમતીપુર) એ તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧/૨૦૨૬ રાતના ૮/૩૦ થી તા.૨૮/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુખરામનગર ખાતે આવેલ તરૂણભાઈ નાગરના "શ્રી અંબિકા જવેલર્સ" ના ધાબા ઉપર થી ચાર એ.સી.ના કમ્પ્રેશર કુલ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ ઘનશ્યામભાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૪૪/૨૦૨૬**

નિકોલઃ જાગૃતીબહેન વા/ઓ વિજયભાઈ પરમાર (ઉ.વ.૩૫)(રહે, શ્રીશરણ સોસાયટી આપજી બાપાની સામે નિકોલ) તા.૨૭/૦૧/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની સોસાયટીના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જાગૃતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જાગૃતિબહેનએ તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૬**

વેજલપુરઃ સવિતાબહેન વા/ઓ અમરસિંગ ઠાકોર (ઉ.વ.૫૪)(રહે.ચામુંડાનગર સોસાયટી બુટભવાની આગળ વેજલપુર ગામ) તા.૧૬/૧૨/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે અમરસિંહ નાઓ પોતાના ઘરે પાણી ગરમ કરવા સારૂ ગેસની સગડી લાઇટર થી સળગાવવા જતા ભડકો થતા, અમરસિંહના કપડા સળગવા લાગતા રૂમ નાનો હોવાથી આજુબાજુનો સામાન પણ સળગી ગયેલ અને તેમની પત્નિ સવિતાબહેન દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને બંનેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૧/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગે અમરસિંહ નાઓનું મૃત્યું નિપજયું હતું, અને સવિતાબહેન વા/ઓ અમરસિંગ ઠાકોર નાઓનું સારવાર દરમ્યાન તા.૨૯/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૫૦ વાગે મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.બાબી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૬/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ રાજેશ્રીબહેન વા/ઓ અતુલભાઇ શાહ (ઉ.વ.૬૩)(રહે.અવીનાશી એપાર્ટમેન્ટ, લાડ સોસાયટી રોડ, વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

સાબરમતીઃ કમલેશ સ/ઓ જયકિશન પાલીવાલ (ઉ.વ.૨૭)(રહે.દિવ્યભુમી સોસાયટી, શિલ્પા સોસાયટી પાસે, ડી–કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૬ સાંજના ૪/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

ઓઢવઃ રામજીવન હાકીમસિંહ સરોજ (ઉ.વ.૩૬)(રહે.નિમળાબેનની ચાલી ઉમિયાનગર રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દવાખાનામાં વપરાતો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બોઘાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી